# ગોડાઉન જ ઠાંસી ઠાંસીને કચરાથી ભરેલું હોય, તો શૉ-રૂમ સુંદર ક્યાંથી હોય ?

આ વાત છે બાબાના અંતરંગ ભક્ત બાપુસાહેબ જોગની કે જેમનો ઉલ્લેખ સાંઈ સતચરિત્ર અધ્યાય-37,40, 43 અને 44 માં થયો છે. સખારામ ઉર્ફે બાપુસાહેબ જોગ અને એમનાં પત્ની બાબાના પ્રિય ભક્તો હતા અને બાબા પ્રત્યે અપાર પ્રેમ હતો. બાપુસાહેબ તે દિવસોમાં રૂ. 2000ના પગારે P.W.D.માં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા અને આનંદથી જીવતા હતા. બાપુસાહેબનાં પત્ની કે જેને બાબા 'આઈ' કહેતા તેના એક સંબંધીને પૈસાની જરૂર પડી તેથી બાપુસાહેબે

પકડાવતો નથી ઘરબેઠા પૈસા આપવા આવશે? સામા ચાલીને આવે એવું બને ખરું?

બીજી તરફ બાબા તો સમગ્ર જગતની ગતિવિધિથી વાકેફ હતા અને એમણે જ કંઇક અંતર જગતમાં એવું કર્યું હોય કે તે સંબંધીને જ ગુનાહિત લાગણી થઇ હોય કે પછી અંતરાત્મા ડંખતો હોય થોડા દિવસોમાં જ એ સંબંધી પોતાના મિત્રો સાથે શિરડી આવી પહોંચ્યા અને જોગને ત્યાં પહોંચ્યા. જોગ તો આશ્ચર્ય ચકિત થઇ ગયા. સંબંધીએ 1400 રૂપિયા સ્વીકારીને પોતાને બંધનમુક્ત કરવા વિનંતી કરી પરંતુ



ખુશી ખુશી 1400 રૂ. ઊછીના આપ્યા અને ત્યાર પછી ભૂલી ગયા. કોઈ ઉઘરાણી કરી નહિ અને કોઈ પ્રયત્ન કર્યા નહિ સામે પક્ષે સંબંધીએ પણ કદી આ વાત ઉઠાવી નહિ અને જાણે કોઈ પૈસા ઊછીના લીધા નથી એવો ભાવ ધારણ કર્યો. વર્ષો વિતતા ગયાં 1,2,5 વર્ષો નહિ પૂરાં 14 વર્ષો વિતી ગયાં. પેલા સંબંધી ઊછીના લીધેલા પરત

જોગ આટલાં વર્ષોનું વ્યાજ પણ લેવાના આગ્રહી હતા. છેવટે મામલો બાબા પાસે પહોંચ્યો અને બાબાએ મુદ્દલ લઇને વ્યાજ છોડી દેવાનું કહ્યું. જોગે આ તમામ રકમ બાબાના ચરણમાં ધરી દીધી પરંતુ બાબાએ પ્રતીકાત્મક રકમ લઇને બધી રકમ જોગને પાછી આપી દીધી.

જો કે આ વાતનો સાર એ છે કે ભલે

બાપુસાહેબને થોડી મૂડીની જરૂરિયાત લાગી તેથી બાબાની પરવાનગી લઇને સંબંધીને મળીને આનો નિકાલ કરવાનું વિચાર્યું અને સંબંધી નહિ માને તો કોર્ટ કેસ પણ કરવાનું છેવટે વિચાર્યું પરંતુ બાબાએ ઠંડું પાણી ફેરવી દીધું અને ચોખ્ખી ના પાડી દીધી

કરવાની વાત કરે નહિ. આમ કરતાં કરતાં બાપુસાહેબ સરકારી ખાતામાંથી નિવૃત્ત થયા અને 1909માં પેન્શન ઉપર છૂટા થયા અને બંને પતિ-પત્ની શિરડી આવી રહેવા લાગ્યા. બંનેને કોઈ સંતાન ન હતું. હવે બાપુસાહેબને થોડી મૂડીની જરૂરિયાત લાગી તેથી બાબાની પરવાનગી લઈને સંબંધીને મળીને આનો નિકાલ કરવાનું વિચાર્યું અને સંબંધી નહિ માને તો કોર્ટ કેસ પણ કરવાનું છેવટે વિચાર્યું પરંતુ બાબાએ ઠંડું પાણી ફેરવી દીધું અને ચોખ્ખી ના પાડી દીધી અને વધુમાં કહ્યું કે પૈસા ક્યાં જવાના છે ? ઉતાવળ શું છે, પૈસા તારે ઘરબેઠા આવી જશે. બાપુસાહેબ નિરાશ થઇ ગયા અને એમને બાબાની વાત પર ભરોસો બેઠો નહિ. જે સંબંધી 14 વર્ષોથી દોઢિયું યે

**સાંઇચિંતન**
**વિરેશ રૂદલાલ**

બાબાએ આમાં કંઇક ત્રાટક કર્યું હોય પરંતુ તેઓ વાદ-વિવાદ , કોર્ટ કેસ, ઝઘડા, ટંટાના બહુ હિમાયતી ન હતા અને જર, જમીન જેવી નિર્જીવ વસ્તુ પ્રત્યે બહુ વ્યર્થ સમય બગાડવાના ઇચ્છુક ન હતા પરંતુ સાથોસાથ વ્યક્તિએ પોતાના વ્યવહારિક જીવનમાં સદૈવ જાગૃત અને સચેત રહેવું જોઇએ એવું દૃઢપણે માનતા. 14 વર્ષો પછી દેવું મુદત વિત્યું થઇ જાય ત્યાં સુધી પોતાની કિંમતી, મહેનતે કમાયેલી રકમ-નાણાં પાછા મેળવવા માટેની કોઈ કવાયત નહિ કરવાના પક્ષના ન હતા. વળી એ પણ મનોવૈજ્ઞાનિક સત્ય છે કે જે વસ્તુને મેળવવા માટે ધમપછાડા કરો એ મનગમતી વસ્તુ નહીં મળે તો એનો મોહ છોડી દેવો એવું દૈવી વિધિવિધાન છે.

# દીપજ્યોતિથી આત્મજ્યોતિ સુધી

કોઇ પણ શુભ કાર્યમાં, વિધિમાં કે ઘરમાં પૂજા કરતી વેળા આપણે દીવો પ્રગટાવીએ છીએ. આ દીવાનું આધ્યાત્મિક માહાત્મ્ય અલૌકિક અને દિવ્ય છે. દીપદર્શન પણ એવું જ અલૌકિક, દિવ્ય, શાંતિપ્રેરક લાગે છે. દીપ પ્રાગટ્યની સ્તુતિ સૌને વિદિત હશે જ. દીપત્વં કુરુ કલ્યાણં, આરોગ્યં સુખસંપદઃ શત્રુબુધ્ધિ વિનાશાય, દીપ જ્યોતિર્નમોસ્તુતે.

દીપજ્યોતિ પરબ્રહ્મ, દીપજ્યોતિ જનાર્દન,
દીપો હરતુ મે પાપાનિ દીપજ્યોતિર્નમોસ્તુતે.
ભોઃ દીપ દેવરૂપસ્ત્વં કર્મસાક્ષી હ્યવિઘ્નકૃત,
યાવત્કર્મ તુ પૂર્ણં સ્યાત્તાવત્ત્વં સુસ્થિરો ભવ.



દીવો કલ્યાણકારી, આરોગ્ય, સુખસંપત્તિ આપનારો અને શત્રુબુધ્ધિનો વિનાશ કરનારો છે. એ દીપજ્યોતિને હું નમસ્કાર કરું છું.

દીપજ્યોતિ સ્વયં પરબ્રહ્મ છે. દીવો મારાં પાપોનો નાશ કરનાર છે. એ દીપજ્યોતિને હું નમસ્કાર કરું છું. હે દીપ, તુ દેવસ્વરૂપ છો. કર્મના સાક્ષી છો. વિઘ્નોને દૂર કરનારા છો. મારું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી તમે અહીં સુસ્થિર થઇને રહો.

મારી બા મને નાનપણથી કહેતી હતી કે દીવો ઇશ્વરને ત્યાં આપણી સાક્ષી પૂરે છે.

અહીં ઉપરોક્ત શ્લોકમાં 'કર્મસાક્ષી' શબ્દ મહત્ત્વનો છે. દીવો આપણાં તમામ કાર્યોનો સાક્ષી બને છે. કઇ રીતે? મારી સમજણ પ્રમાણે, આપણે જ્યારે દેવસ્થાનમાં પૂજા કરવા બેસીએ અને દીવો પ્રગટાવી પૂજા, અભિષેક, જપ, ધ્યાન, સ્તોત્રપઠન જે કંઇ કરીએ ત્યારે આપણી ભીતરનો ભાવ, આપણે કરેલાં સત્-અસત્ કર્મોની સાક્ષી દીવો પૂરે છે. આપણે આપણા ઇષ્ટ સમક્ષ હાથ જોડીએ છીએ ત્યારે સંજોગવશાત્ આપણે અશાંત કે પ્રસન્ન હોઇએ અને એનું કારણ શું છે, ક્યાં અને કેવાં કર્મો આપણને અશાંત કે પ્રસન્ન કરી રહ્યાં છે તે જાણીને દીવો તે તે તમામ કર્મોની સાક્ષી પૂરે છે. આથી દીપ પ્રાગટ્ય વેળા આપણે કુદરતી રીતે જ શાંતિ અને પ્રસન્નતા અનુભવીએ છીએ તેનું કારણ મારી સમજણ મુજબ, સ્તુતિના આધારે, એમ કહી શકાય કે આપણા ત્રિતાપમાંથી દીવાની જ્યોત પરબ્રહ્મરૂપે આપણને ક્ષમા કરે છે, ક્ષમાનો અભિગમ કેળવવાની પ્રેરણા આપે છે. રાહત કે મુક્તિનો સંકેત આપે છે અને આપણી સફળતા-અનુકૂળતામાં પણ તે દિવ્યશક્તિ કારણભૂત હતી તેવો અહેસાસ કરાવી પ્રસન્નતામાં વધારો કરે છે. દીવાની દિવ્યતા, અલૌકિકતા એ રીતે આપણા ભાવજગતમાં પ્રસરીને આપણને સંકેત, માર્ગદર્શન, શક્તિ અને ધૈર્ય આપે છે. આથી જ સ્તુતિ મુજબ કાર્ય સંપન્ન થાય ત્યાં સુધી દીવાને સુસ્થિર રહેવાની પ્રાર્થના કરાઇ છે.

આ જિંદગીનું, આ અવતારનું સમાપન થાય ત્યાં સુધી એનો પ્રકાશ આપણને આ ભવનો આગળનો અને આવતા જન્મનો પણ માર્ગ દર્શાવતા રહે એવી પ્રાર્થના એમાં ગર્ભિત રીતે છુપાયેલી હોય તેમ લાગે છે

અહીં 'સુસ્થિર' શબ્દ પણ મહત્ત્વનો છે. દીવાની જ્યોતિ પ્રગટ્યા પછી સ્થિર રહે છે. એમાં કોઇ ખાસ કંપનો થતાં નથી. એ સ્થિર દીપજ્યોતિનું દર્શન નોખો, અનોખો આહ્લાદ આપે છે. મારું એવું માનવું છે કે જો અનુકૂળતા હોય તો પૂજા, વિધિ કે જપ પૂરા થાય ત્યાં સુધી દીપ પ્રજ્વલિત રહે તે જરૂરી છે. એટલું જ નહીં, દરેક વ્યક્તિએ દેવસ્થાનમાં દીપ પ્રગટાવવો જરૂરી છે.

પ્રજ્વલિત દીવાનું દર્શન મને એમ વિચારવા પ્રેરે છે કે શું દીપજ્યોતિને આત્મજ્યોતિ સાથે કોઇ સંબંધ છે? મને અંદરથી જવાબ 'હા' મળે છે. કઇ રીતે? દીપજ્યોતિના દર્શન, શાંતિ, આનંદ, દિવ્યતા ભીતરની બાબત છે. તે વ્યક્તિના અંતરાત્મામાં ઉદ્દભવે છે, વિહરે છે, એટલે દીપજ્યોતિ આત્માનુસન્ધાન સાધે છે. આપણે ભીતરથી દીપદર્શનમાં લીન થઇ જઇએ છીએ. એ દર્શનમાં આપણે જાણે કોઇકને મળી રહ્યાં હોઇએ તેવી અનુભૂતિ થાય છે. એ અનુભૂતિ કોઇક અગોચર લોકમાં લઇ જાય છે જ્યાં કેવળ પ્રકાશ છે. શાંતિ છે, આનંદ છે, કેવળ એકાંત છે. એ એકાંત આપણને અભિવ્યક્તિની નોખી-અનોખી તક આપે છે. આપણું ભીતર વહેવા લાગે છે. આત્મપ્રતીતિ મેળવવાનો અવસર આપે છે. આ આત્મપ્રતીતિ સત્કાર્યો, પ્રામાણિકતા, નૈતિકતા અને ઇશ્વરનિષ્ઠામાંથી જન્મે છે.દીપદર્શન આપણને આવાં મૂલ્યોની સમજણ આપે છે, સ્વીકાર કારાવે છે અને એની પ્રતિષ્ઠા કરવા કટિબધ્ધ બનાવે છે. આમ દીપદર્શન આપણને આપણા જ ભીતરનું, આત્માનું દર્શન કરાવે છે.

દીવો પ્રકાશનું પ્રતીક છે. દીવો પ્રગટાવતાં જ અંધકારભર્યા વાતાવરણમાં પ્રકાશ ફેલાય છે. અલબત્ત એ પ્રકાશ સીમિત વિસ્તારમાં પ્રસરે છે. પણ એ પ્રસાર એટલો પ્રબળ અને પ્રખર હોય છે કે જાણે એક સાથે સો સો દીપ આપણી ભીતર પ્રગટી ઊઠ્યા છે અને આપણને, આપણી આસપાસના સમગ્ર વાતાવરણને ઝળાંહળાં કરી રહ્યા છે એવી અનુભૂતિ થાય છે. આથી જ સ્તુતિમાં કહેવાયું હશે 'દીપજ્યોતિ પરબ્રહ્મ'.

આ સ્તુતિમાં મને એક વાતનું ખૂબ આશ્ચર્ય થયું અને આનંદ પણ. સ્તુતિમાં કહેવાયું છેઃ 'દીપો હરતુ મે પાપાનિ' દીવો મારાં પાપોનો નાશ કરે છે. દીવો પાપ દૂર કરવાનું દિવ્ય સાધન છે. દીવાને નમસ્કાર આપણને જાણે અંદરથી સ્વચ્છ બનાવી દે છે કે સ્વચ્છ બનવાનો સંકેત આપી સંકલ્પ કરાવે છે. ખૂબ દિવ્ય અને અલૌકિક બાબત છે.

સ્તુતિમાં એથીયે વિશેષ આનંદની વાત કહી છેઃ 'ભોઃ દીપ દેવરૂપસ્ત્વં' દીવો દેવસ્વરૂપ છે. પ્રકાશોજ્જવલ પરબ્રહ્મ પરમાત્મા જાણે દીવામાં બિરાજમાન થયા હોય એમ લાગે છે. દીવો પરમાત્માનું જ બીજું રૂપ છે. આથી જ પૂજામાં, ઉપાસનામાં, દીવાના પ્રાગટ્યનું માહાત્મ્ય સ્વીકારાયું હશે. એથી જ આપણા સઘળાં અસત્ કર્મો દીવાની જ્યોતમાં બળી જતાં હશે. સત્કાર્યો, વિચારો, સંકલ્પો દીવાની જ્યોતિમાં સમાઇ જતા હશે. પ્રજ્વલિત થઇ જતા હશે અને પરમાત્માના દરબારમાં અંકિત થઇ જતાં હશે. બીજી વાત કહેવાઇ છેઃ 'હ્ય વિઘ્નકૃત્' અર્થાત્ વિઘ્નોને દૂર કરે છે. આ વિઘ્નો બાહ્ય, સાંસારિક, લૌકિકની સાથે સાથે ભીતરનાં વિઘ્નોને દૂર કરી શાંતિ અને આનંદનો અનુભવ થતો હશે.

છેલ્લી પંક્તિમાં કહ્યું છેઃ 'યાવત્ કર્મ તુ પૂર્ણં સ્યાત્તાવત્ત્વં સુસ્થિરો ભવ.'

પૂજા, ઉપાસના પૂરી થાય ત્યાં સુધી સ્થિર રહેવાની દીપને પ્રાર્થના કરવામાં આવી છે. એથીયે આગળ વિચારીએ તો આ જિંદગીનું, આ અવતારનું સમાપન થાય ત્યાં સુધી એનો પ્રકાશ આપણને આ ભવનો આગળનો અને આવતા જન્મનો પણ માર્ગ દર્શાવતા રહે એવી પ્રાર્થના એમાં ગર્ભિત રીતે છુપાયેલી હોય તેમ લાગે છે.

આપણી ભારતીય આધ્યાત્મિક પરંપરામાં, સનાતન ધર્મમાં જીવનના, આત્માના ઉત્કર્ષ માટે કેટલી સરળ હકીકતો દર્શાવી છે એનું આ એક ઉદાહરણ છે. આમ દીપજ્યોતિ આત્મજ્યોતિ સુધી લઇ જાય છે. એને નજર સામે રાખી આપણે આપણા માર્ગમાં આગળ વધીએ.દીપજ્યોતિ સૌના અંતર-અવતારને પ્રકાશિત કરતી રહે એવી પ્રાર્થના. જેમ પૂજાના આરંભમાં ગણેશવંદના કરીએ તેવી રીતે કદાચ ગણેશવંદના પહેલાં દીપપ્રાગટ્ય થાય, ગણેશની સાથે સાથે પરબ્રહ્મને પણ દીપરૂપે આમંત્રણ અપાઇ જાય છે. આપો જે કંઇ છીએ, જેવા છીએ તેની ઇશ્વર સમક્ષ દીવો સાક્ષી પૂરે છે. સાક્ષી પૂરીને ઉત્કર્ષના માર્ગે લઇ જાય તેવી અભિલાષા અને અભ્યર્થના સાથે વિરમું છું.

- તપન ત્રિવેદી